# વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬ ના ઉમેદવારો માટે અગત્યની સુચના

વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬ ની ભરતી અન્વયે હેલ્પલાઈન ઉપર તેમજ સ્વીકાર કેન્દ્ર ઉપર આવેલ મૌખિક રજુઆતો અન્વયે ઉમેદવારો હાલ ફોર્મ ભરવાથી વંચિત ન રહે તે હેતુથી સમિતિ દ્વારા કેટલાક નિર્ણય કરેલ છે તે અંગે નીચે મુજબની અગત્યની સુચનાઓ ઉમેદવારોને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- લોક ભારતી અધ્યાપન મંદિર સણોસરા ખાતેથી પીટીસી/ડી.એલ.એડ. કરેલ ઉમેદવારો હાલ કામચલાઉ રીતે ઉમેદવારી કરી શકશે. તેમજ જે ઉમેદવારો આ સંસ્થામાં હાલ બીજા વર્ષમાં અભ્યાસ કરતાં હોય અને ટેટ-૧ ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો પણ કામચલાઉ રીતે ઉમેદવારી કરી શકશે. આ ઉમેદવારોએ ભવિષ્યમાં ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ અને શિક્ષણ વિભાગ જે નિર્ણય કરશે તે બંધનકર્તા રહેશે તે મુજબની બાંહેધરી ઓનલાઈન ફોર્મ ભરતી વખતે આપવાની શરતે ઉમેદવારી નોંધાવી શકશે.
- જે ઉમેદવારો ડિપ્લોમા ઈન એજ્યુકેશન (સ્પેશિયલ એજ્યુકેશન) અથવા ચાર વર્ષીય ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશનના અંતિમ વર્ષમાં હોય અને ટેટ-૧ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો હાલ કામચલાઉ રીતે ઉમેદવારી કરી શકશે પરંતુ તેમની ઉમેદવારી અંગે ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ અને શિક્ષણ વિભાગ જે નિર્ણય કરશે તે આખરી અને બંધનકર્તા રહેશે.
- જે ઉમેદવારોએ ઓપન એન્ડ ડિસ્ટન્સ એજ્યુકેશનથી સ્નાતકની લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોની આવી લાયકાત જે યુનિવર્સિટીથી મેળવેલ હોય તે યુનિવર્સિટીને ઓપન એન્ડ ડિસ્ટન્સ એજ્યુકેશનથી અભ્યાસક્રમ ચલાવવાના જરૂરી મંજૂરી અંગેના આધારો ઓનલાઇન ફોર્મમાં અપલોડ કરવાના રહેશે અને તેની જિલ્લા સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી ચકાસણી કરાવ્યેથી વિદ્યાસહાયક ભરતીમાં ઉમેદવારી નોંધાવી શકશે.

**તા.૨૧/૦૪/૨૦૨૬** **ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ, ગાંધીનગર**

**સ્થળ:- ગાંધીનગર**